# ‘સુરમધુર’ના ઉપક્રમે કલાકારોનું સ્નેહમિલન યોજાયું



ગાંધીનગરની કલા સંસ્થા સુરમધુર કલાવૃંદ દ્વારા સળંગ પચીસમા વર્ષે નગરના કલાકારોનું સ્નેહમિલન આયોજિત કરવામાં આવ્યું હતું. સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત કલાકારોએ પરસ્પર નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી અને પોતાની કલાકૃતિની પ્રસ્તુતિ પણ કરી હતી. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મયંક દવે દ્વારા કલાકારોને આવકારવામાં આવ્યા હતા અને કાર્યક્રમનું સંચાલન પણ કરવામાં આવ્યું હતું.

# આગામી વર્ષથી BSc નર્સિંગમાં પ્રવેશ માટે ‘નીટ’ આવશ્યક

ગાંધીનગર, તા. ૨

દેશમાં આગામી વર્ષથી BSc નર્સિંગમાં પ્રવેશ માટે નીટ લાગુ કરવાનું નક્કી કરાયુ છે. હાલમાં મ્જીષ્ઠ ર્નસિંગ અને જનરલ ર્નસિંગમાં ધો.૧૨ના આધારે પ્રવેશ ફાળવવામાં આવે છે. હવે પછી જનરલ નર્સિંગની તમામ કોલેજો બંધ કરીને તેને મ્જીષ્ઠ ર્નસિંગમાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. BSc નર્સિંગમાં પ્રવેશ માટે મેડિકલ-આયુર્વેદની જેમ જ નીટથી પ્રવેશ ફાળવવાનો નિર્ણય કરી દેવાયો છે. આ અંગેનો લેટર પર દરેક કાઉન્સિલને મોકલી આપવામાં આવ્યો છે. આગામી વર્ષથી આ નિર્ણયનો અમલ કરવામાં આવશે.

હાલમાં મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી અને નેચરોપથી સહિતના પાંચ કોર્સ ધો.૧૨ પછી નીટના આધારે ભરવામાં આવે છે. જયારે મ્જીષ્ઠ ર્નસિંગ અને જનરલ ર્નસિંગની બેઠક ધો.૧૨ના મેરિટના અધારે ભરવામાં આવે છે. સમગ્ર દેશની જુદા જુદા હોસ્પિટલોમાં ર્નસિંગની જગ્યાઓ મોટાપાયે ખાલી પડી છે. આ બેઠક ભરવા માટે હવે પછી દેશમાં જનરલ નર્સિંગની તમામ બેઠકને BSc નર્સિંગમાં ટ્રાન્સફર કરી દેવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. એટલે કે હવે પછી ગુજરાત સહિત સમગ્ર દેશમાં જનરલ નર્સિંગ જેવી કોઈ બ્રાન્ચ રહેશે નહીં. હાલમાં જે જનરલ નર્સિંગની બ્રાન્ચ છે તેને પણ BSc નર્સિંગમાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. જેનો અર્થ એ થયો કે હવે નર્સિંગની તમામ બેઠક BSc નર્સિંગ જ ગણવામાં આવશે. આ ઉપરાંત આ તમામ બેઠક હવે પછી ધો.૧૨ના આધારે નહીં પણ નીટીના આધારે જ ભરવાનું નક્કી કરાયું છે. નર્સિંગ પ્રવેશ સમિતિ સાથે સંકળાયેલા તજજ્ઞો કહે છે હાલમાં રાજયમાં BSc નર્સિંગની અંદાજે ૪૫૦૦ બેઠક ઉપલબ્ધ છે. જેની સામે જનરલ ર્નસિંગની અંદાજે ૬ હજાર બેઠક છે. આ બન્નેમાં પ્રવેશ ધો.૧૨ સાયન્સ, કોમર્સ અને સાયન્સના આધારે કરવામાં આવે છે. નવી વ્યવસ્થા પ્રમાણે હવે જનરલ નર્સિંગની અંદાજે ૬ હજાર બેઠક BSc નર્સિંગમાં ટ્રાન્સફર કરવામાં આવશે. ગુજરાતમાં BSc નર્સિંગની અંદાજે ૧૦ હજારથી વધારે બેઠક થશે. આ જ રીતે સમગ્ર દેશની વાત કરીએ તો જનરલ ર્નસિંગની અંદાજે ૫૦ હજારથી વધારે બેઠકની સામે BSc નર્સિંગની ૬૦ હજાર બેઠક છે. તમામ બેઠક BSc નર્સિંગમાં ટ્રાન્સફર થતાં હવે BSc ર્નસિંગની કુલ ૧ લાખ કરતાં વધારે બેઠક ઉપલબ્ધ થશે. તાજેતરમાં ભારત સરકારે ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલને પત્ર લખીને તમામ બેઠક BSc નર્સિંગમાં ટ્રાન્સફર કરવા સૂચના આપી છે. આમ, આગામી વર્ષથી હવે જનરલ નર્સિંગની કોઈ બેઠક રહેશે નહીં, તમામ બેઠક BSc નર્સિંગ થઈ જશે અને પ્રવેશ માટે ધો.૧૨ સાયન્સ પાસ થયેલા અને નીટ આપી હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. દેશની જુદી જુદી મેડિકલ હોસ્પિટલ અને નર્સિંગ કોલેજોમાં પ્રોફેસરો અને નર્સિંગ સ્ટાફ સહિતની ૫ લાખથી વધુ જગ્યા ખાલી છે. જનરલ નર્સિંગમાં આર્ટસ અને કોમર્સ પાસ થયેલાઓને પણ પ્રવેશ આપવામાં આવતો હતો પરંતુ હવે નવી વ્યવસ્થા પ્રમાણે BSc નર્સિંગમાં માત્ર ધો.૧૨ સાયન્સ સાથે પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવાશે. તેથી હોસ્પિટલ અને નર્સિંગ કોલેજોમાં સ્ટાફ ખાલી પડ્યો છે તે મળી રહે તેવી શક્યતા છે. આમ, નર્સિંગનો ક્વોલીફાઈ સ્ટાફ મેળવવા માટે આ નિર્ણય લેવાયો હોવાનું મનાઈ રહ્યું છે.

## જન્મદિને વધામણી



યશોધર એ પરમાર
યુજીવીસીએલ
મો. ૯૯૨૫૨ ૧૨૬૯૭



બિપીનચંદ્ર મોહનલાલ જાની
મો. ૯૮૨૪૧ ૪૮૦૫૪



જસજિતસિંહ પ્રેમલસિંહ ગોલ



સંકેત પોપટ




અનેરી રાજેશકુમાર દુલારા

# કલોલ સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટનું આયોજન કરાયું



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની આજ્ઞા અન્વયે શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલ ખાતે અન્નકૂટ યોજાયો હતો જેમાં ૧૫૦ વાનગી ભગવાનને ધરાવવામાં આવી હતી. મહંત સદગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામીએ આરતી ઉતારી હતી.

# હરેકૃષ્ણ મંદિર ખાતે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા. ૨

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાચાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો..આ પ્રંસગની યાદગીરી નિમિતે કારતક દીપોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ૧૦,૦૦૦ થી પણ વધુ ભાવિભકતોએ ઉપસ્થિત રહીને આ ઉત્સવનો લાભ લીધો હતો.

ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગોવર્ધન પર્વત એ પોતાનું એક સ્વરૂપ છે અને મારા સમાન જ પૂજનીય છે. ભગવાન શ્રીકૃષ્ણ કરેલ અમૂર્તકલ્પનારૂપ આ લીલાની યાદગીરી રૂપે હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા વાર્ષિક ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ઉજવણી મંદિર ખાતે કરવામાં આવી જેમાં આશરે ૧૫૦ કરતા પણ વધુ જુદા જુદા વ્યંજનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌને આકર્ષિત અને અતિમોહક ભગવાન શ્રી શ્રી રાધામાધવને ભવ્ય “સ્વર્ણરથ” માં શાનદાર સવારી કરાવવામાં આવી જેમાં ભકતો ભગવાન શ્રી કૃષ્ણના ગુણગાન ગાતા સંકિર્તન ગાઈને જોડાયા હતા. કેક અને વિવિધ જાતના કૂકીસ, વ્યંજનો વિગેરે દ્વારા બનાવેલ આશરે ૧૦૦૦ કિલોગ્રામ વજન ધરાવનાર ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સૌના ઉલ્લાસનું કેન્દ્ર બન્યું હતુ. ગોવર્ધન પર્વત માટે ઉપયોગમાં લેવાયેલ કેક અને કૂકીસને સંપૂર્ણપણે મંદિરમાં જ ભકતો દ્વારા બનાવવામાં આવી હતા જે ૧૦૦ ટકા શુદ્ધ અને શાકાહારી હતી. ભગવાન શ્રીકૃષ્ણને ગોપાલ તરીકે પણ પૂજવામાં આવે છે જે ગાયોના રક્ષણકર્તા છે. ઉત્સવ દરમ્યાન ગૌ-પૂજા પણ કરવામાં આવી હતી. ગોયોને સુંદર રેશમી વસ્ત્રોથી શણગારવામાં આવી અને પરંગપરાગત રીતે ગોળ અને કેળા અપર્ણ કરવામાં આવ્યા. ભક્તોએ પણ ગાયની પૂજા-પ્રાર્થના કરી અને ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા હતી. ઉત્સવના અંતમાં કેક અને બીજા વ્યંજનોને ભકતોમાં પ્રસાદરૂપે વહેંચવામાં આવ્યાં હતાં.

# સેના દ્વારા સ્ટુડન્ટ આઉટરિચ અભિયાનનું આયોજન કરાયું



## બાલ્ડ ઈગલ બ્રિગેડના નેજા હેઠળ આયોજિત ઉપક્રમમાં છ શિક્ષકો ઉપરાંત ૯૫ વિદ્યાર્થીઓ સહભાગી થયા

ગાંધીનગર, તા. ૨

ભારતીય સેનાના સ્ટુડન્ટ આઉટરિચ અભિયાન ૨૦૧૯-૨૦નાં ભાગરૂપે ભૂજમાં ૦૧ નવેમ્બરના રોજ આર્મી પબ્લિક સ્કૂલમાં સ્ટુડન્ટ આઉટરિચ પ્રોગ્રામ યોજાયો હતો, જેનું આયોજન બાલ્ડ ઈગલ બ્રિગેડના નેજા હેઠળ થયું હતું, જેમાં શાળાનાં છ શિક્ષકો અને ૯૫ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

આ અભિયાનનો ઉદ્દેશ ભારતીય સેના દ્વારા યુદ્ધ અને શાંતિ એમ બંને દરમિયાન રાષ્ટ્રીય હિતો અને એકતાને જાળવવા માટે હાથ ધરવામાં આવતાં પ્રયાસો અને કટિબદ્ધતા વિશે જાણકારી આપવામાં આવી હતી. આ અભિયાનમાં એવી જાણકારી પણ આપવામાં આવી હતી કે, ભારતીય સેના ફક્ત સંગઠન નથી, પણ જીવન જીવવાની રીત છે, જેમાં રાષ્ટ્રીય હિતોને જાળવતા મૂલ્યોનું જતન કરવામાં આવે છે. આ પ્રોગ્રામમાં ભારતીય સેનામાં જોડાવા માટેની વિવિધ રીતો પર સંપૂર્ણ લેક્ચરનું આયોજન થયું હતું, જેનાં પરિણામે વિદ્યાર્થીઓને સશસ્ત્ર દળોમાં સામેલ થવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

“નેશન ફર્સ્ટ” થીમ પર લેક્ચર પણ યોજવામાં આવ્યું હતું, જેમાં ભારતીય સેના ભારતીયતાનાં વિચારને કેવી રીતે મજબૂત કરે છે અને રાષ્ટ્રીય હિતોને જાળવવા રાષ્ટ્રીય મૂલ્યોનું કેવી રીતે જતન કરે છે, દેશની એકતા અને અખંડિતતાનું રક્ષણ કેવી રીતે કરે છે, આંતરિક અને બાહ્ય જોખમોને કેવી રીતે દૂર કરે છે તથા સરકાર અને ભારતનાં લોકોને રાષ્ટ્રનિર્માણમાં કેવી રીતે સહાય કરે છે એ વિશે જાણકારી આપવામાં આવી હતી.

# ડ્રગ ઈન્સ્પેક્ટર બનવા માટેની પરીક્ષા વિશે માહિતી આપશો

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. જી.પી.એસ.સી વર્ગ ૧ અને ૨ માટે ની લેખિત પરીક્ષાની તૈયારી શી રીતે કરી શકાય?**

**- યુવરાજસિંહ વાઘેલા, ગાંધીનગર**

સૌપ્રથમ તો આપને જી.પી.એસ.સી.ની પરીક્ષાના માળખા વિશેની જાણકારી હોવી આવશ્યક છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામાં આવે છે. પ્રથમ આવે છે પ્રિલિમ્સ કે જેમાં ઓબ્જેક્ટિવ્સ એટ્લે કે ઓ. એમ. આર. આધારિત પ્રશ્નો આવે છે જેમાં કુલ ૨૦૦ માર્ક્સના બે પેપર એમ ૪૦૦ માર્ક્સની પરીક્ષા હોય છે. તે ઉત્તિર્ણ કર્યા બાદ આપને મઈન્સ એટ્લેકે લેખિત પરીક્ષા આપવાની હોય છે અને ત્યાર બાદ આવે છે ઈન્ટરવ્યુ. હવે આપના પ્રશ્ન તરફ આવીએ તો જે છે કે લિખિત પરીક્ષાની તૈયારી શી રીતે કરી શકાય ? તો આનો બહુ મોટો આધાર એ ઉપર રહેલો છે કે આપે આપની પ્રિલિમ્સ પરીક્ષાની તૈયારી કઈ રીતે કરેલ છે. જો આપે પ્રિલિમ્સ પરીક્ષા સમયે જ ઉપરછલ્લુ નહી પણ બેઝિક ક્લિયર કરીને તૈયારી કરી હશે તો આપને ખૂબ મદદરૂપ થઈ શકે છે. કારણ કે આપને ખ્યાલ હશે કે



પ્રિલમ્સ અને મેઈન્સ પરીક્ષાનો મોટા ભાગનો અભ્યાસક્રમ સમાન છે. પ્રિલિમ્સ મા આપને ચાર વિકલ્પ આપવામા આવે છે જ્યારે લેખિત માં આપે અમુક પ્રમાણિત અને નિયત શબ્દોમાં જવાબ લખવાના હોય છે.અગાઉ જણાવ્યુ એ મૂજબ આપનુ દરેક વિષયમાં અધ્યયન ઉંડાણ પૂર્વક અને ક્યાસરહિત હોવુ જોઈએ અને બિજી એક મહત્વની બાબતએ છે કે લેખિત પરીક્ષા માટે આપે તૈયારી ફક્ત વાંચી ને નહિં પણ લખી ને પણ કરવાની રહેશે જે તમને ચોક્કસ સહાયરૂપ થશે.અન્ય એક બાબત કે જેનો આપની લેખિત પરીક્ષા પાસ કરવામાં સિંહફાળો રહેલો છે એ છે આપનુ સુવાચ્ય એટલે કે સુંદર અને સારા અક્ષરમાં લખાણ અને સાચી જોડણી સાથે એટ્લે કે ક્ષતિ રહિત લખાણ. જે માટે આપે આપનુ વાંચન શક્ય એટ્લુ વધારવુ જોઈએ. આપ જેટ્લુ વધુ એકાગ્રતાપૂર્વક વાંચન કરશો એટ્લુ જ આપ પરીક્ષામાં વધુ સચોટ અને મુદ્દાથી ભટ્ક્યા વગર લખી શકશો.આમ આપ જો પરીક્ષા માં સ્વચ્છ,સચોટ,ક્ષતિ રહિત,મુદ્દાથી ભટ્ક્યા વગર અને નિયત શબ્દો માં જવાબ લખો છો તો આપ ચોક્કસ મઈન્સ એટ્લે કે લેખિત પરીક્ષા માં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. હું બી.ફાર્મ માં અભ્યાસ કરું છુ. ડ્રગ ઇન્સ્પેક્ટરની પરીક્ષા વિશે માહિતી આપશો.**

**- આલેખ ગોહિલ, કલોલ**

યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થાઓ હેઠળ ડ્રગ ઈન્સ્પેક્ટરના પોસ્ટમાં બધા લાયક ઉમેદવારો માટે ડ્રગ ઈન્સ્પેક્ટર પરીક્ષા હાથ ધરવામાં આવે છે. અરજદારોની ઉંમર મર્યાદા ૨૧ વર્ષથી ૩૫ વર્ષની વચ્ચે હોવી આવશ્યક છે. આરક્ષિત કેટેગરીના ઉમેદવારો માટે ૫ વર્ષની છૂટ આપવામાં આવે છે. ચોક્કસ પરીક્ષા પેટર્ન અને અભ્યાસક્રમ નિશ્ચિત નથી જે પરીક્ષા હાથ ધરે છે તે સત્તાધિકાર મુજબ બદલાય છે. પસંદગીનો પ્રથમ રાઉન્ડ લેખિત પરીક્ષણ છે. બીજો રાઉન્ડ એ ફીઝીકલ ફિટનેસ રાઉન્ડ છે. અંતિમ પસંદગી પહેલા વાઈવામાં સારી રીતે સ્કોર કરવો જોઈએ. ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ માં સૂચિ ‘સી‘ માં ઉલ્લેખિત ઓછામાં ઓછા એક પદાર્થના ઉત્પાદનમાં અથવા પરીક્ષણમાં અઢાર મહિનાનો અનુભવ, ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો૧૯૪૫ માં સૂચિ ‘સી‘ માં ઉલ્લેખિત કોઈપણ પદાર્થોને ઉત્પાદિત કરતી કંપનીઓના નિરીક્ષણમાં ત્રણ વર્ષનો અનુભવ જરૂરી હોય છે.આમ જો આપ આ આપેલ ત્રણ માંથી કોઈ એક પણ લાયકાત ધરાવો છો તો આપ આ પરીક્ષા માટે લાયક ઠરો છો.હવે પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કામાં લેવામાં આવે છે. પ્રથમ છે



ઓબ્જેકિટવ એટ્લે કે ઓ.એમ.આર આધારિત પરીક્ષા એ ઉત્તિર્ણ કર્યા બાદ લેખિત પરીક્ષા અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ. એમાં સૌથી મહત્વ નો પડાવ છે પ્રિલિમ્સ પરીક્ષા. જેમાં બે પેપર આવતા હોય છે.પ્રથમ પેપર ૨૦૦ માર્ક્સ નુ આવે છે જેમાં મુખ્યત્વે આપના વિષય અધારીત એટ્લે કે આપ આપના ફાર્મસી દરમ્યાન જે પણ વિષય નો અભ્યાસ કર્યો છે એ અનુરૂપ પૂછવામાં આવે છે. દ્વિતીય પેપર આપનુ ૫૦ માર્ક્સ નુ આવે છે જેમાં આપને જનરલ સ્ટડિઝ એટ્લે કે સામાન્ય જ્ઞાન અને મેન્ટલ એબિલિટી એટ્લે કે તર્ક અધારિત પ્રશ્નો પૂછ્વામાં આવે છે.આ પરીક્ષા પાસ કર્યા બાદ લેખિત પરીક્ષા આપવાની હોય છે જેમાં મુખ્યત્વે અંગ્રેજી અને આપના વિષય ને લગતા પ્રશ્નો પૂછ્વામાં આવે છે જેના જવાબ આપે લેખિત સ્વરૂપે આપવાના હોય છે.જે ઉત્તિર્ણ કર્યા બાદ આપ ઈન્ટર્વ્યુ માટે લાયક ઠરો છો.આમ આ ત્રણ તબક્કા પાસ કર્યા બાદ આપે ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષા ઉત્તિર્ણ કરી ગણાય છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. હું હ્યુમનિટીસ (આર્ટ્સ)માં ધોરણ ૧૨માં અભ્યાસ કરું છુ. આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયા કયા વિકલ્પ છે?**

**- અખિલ જાની, અમદાવાદ**

અખિલ, ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરર્ફોમિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો.બીજો મહ્ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ - એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો. જે આપ એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો. અન્ય વિકલ્પની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા મિડિયામાં પણ જઈ શકો છો. જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્રમાં જવા માંગતા હોય તો. એ માટે આપ એન. સી. એચ. એમ. સી. ટી. જે. ઈ. ઈ.ની પરીક્ષા આપી આઈ.એચ.એમ. જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઈ શકો છો. આ સિવાય અન્ય



એક વિકલ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ. એલ. એ. એમ. ઈ. અને ગાંધીનગર સ્થિત પી.ડી.પી.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner